# બાપ રે બાપ ગરમીથી તો તોબા...તોબા...





પ્રાંતિજ, તા. ૨૫
સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજમાં ગરમીનો પારો ઊંચો જતા સવારથી જ ગરમીને લઈને બજારો સહિત ભીડભાડ વિસ્તારોમાં વાહનો સહિત લોકોનો ધસારો ઓછો જોવા મલ્યો હતો.

રાજયભરમાં ગરમીનો પારો દિવસેને દિવસે તેજ થતાં સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત તાલુકામાં સવારથી જ ગરમીએ માજા મુકતાં દેહદજાડે એવી ગરમી પડતાં ગરમીની શરૂઆતમાં જ લોકો ગરમીને લઈને તોબા-તોબા પોકારી ઉઠ્યા છે. ગરમીને લઈને ગરમીથી બચવા માટે સૌ કોઈ વિવિધ પેંતરા અજમાવી રહ્યાં છે. સુર્યદેવે તેમનો પ્રકોપ બતાવતાં મહિલાઓ બાળકો વૃધ્ધો સહિત મુંગા પશુપંખીઓ પણ ગરમીથી તોબા પોકારી ઉઠ્યા છે. પશુઓ ગરમીમાં છાંયો ખોરતા તથા પંખીઓ માળામાં જ ભરાયેલાં જોવાં મળ્યાં હતા. દિવસ દરમ્યાન લોકોનો ધસારો ભીડભાડવાળા વિસ્તારોમાં પણ નહિંવત વસ્તી જોવા મળી હતી. ગરમીથી બચવા પંખો, એસી, કુલર, ઠંડી ચટાઈ સહિતનો ઉપયોગ કરવાનો વારો આવ્યો હતો. દિવસ દરમ્યાન ગરમીને લઈને રસ્તાઓ સહિત બજારોમાં વાહનો સહિત માનવ ટ્રાફિક નહિવત જોવાં મલ્યો હતો. પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ તથા નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ દ્વારા પણ નગરજનોને ગરમીને લઈને સુચનાઓ આપવામાં આવી છે. સેનેટરી વિભાગ દ્વારા ચોખ્ખાઈ સહિત દવાઓનો છંટકાવ પણ કરવામાં આવી રહ્યો છે. રાત્રી દરમ્યાન મચ્છરજન્ય રોગો માટે પંપ દ્વારા દવાઓનો છંટકાવ પણ કરવામાં રહ્યો છે.

## સાયરાની નિલાંશીએ રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો

**નિલાંશી સૌથી લાંબા માથાના વાળ માટે ગિનિસ બુકમાં સ્થાન ધરાવે છે : મેચ દરમ્યાન ગિનિસ બુકમાં સ્થાન ધરાવતાઓને આમંત્રિત કરવામાં આવે છે**

મોડાસા, તા. ૨૫
મોડાસાના સાયરાની વતની નિલાંશી પટેલ માથાના સૌથી વધુ લાંબા વાળ માટે ગિનિસ બુકમાં સ્થાન ધરાવે છે. ત્યારે હાલ ભારતમાં રમાતી આઈપીએલની મેચ દરમ્યાન નિલાંશીને રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓનો ઉત્સાહ વધારવા માટે આયોજકો દ્વારા આમંત્રિત કરવામાં આવતાં મોડાસા તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં ખુશી સાથે ગૌરવની લાગણી ફેલાઈ હતી. સમગ્ર ભારતમાં હાલ આઈપીએલનો ક્રેઝ ચાલી રહ્યો છે. ત્યારે આઈપીએલની ૩૬મી મેચ ગત શનિવારના રોજ જયપુર ખાતે રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન વચ્ચે રમાઈ હતી. જેમાં રાજસ્થાન રોયલ્સનો વિજય થયો હતો. સમગ્ર મેચ દરમ્યાન સૌથી વધુ લાંબા વાળ ધરાવનાર નિલાંશીએ રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓને ઉત્સાહ વધારવાનો મકો મળ્યો હતો. ગિનીસ બુકમાં સ્થાન પામાનાર નિલાંશી પટેલને આયોજકો દ્વારા આમંત્રિત કરવામાં આવતાં મોડાસા તાલુકા અને અરવલ્લી જિલ્લા માટે જયપુરમાં




રમાઈ ગયેલ મેચ મહત્વની અને યાદગાર બની રહી હતી. આઈપીએલના આયોજકો દ્વારા કેટલીક મેચોમાં ગિનીસબુકમાં સ્થાન પામનાર વ્યક્તિઓને અલગ અલગ મેચોમાં ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે આમંત્રિત કરવામાં આવતાં હોય છે.

## આજે ગુજકેટની પરીક્ષા : ૩૨૦૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે શુક્રવારે હિંમતનગર ખાતે ૧૭ બિલ્ડીંગોમાં ૧૬૩ બ્લોકમાં કરાયેલી બેઠક વ્યવસ્થામાં જિલ્લાના ૩૨૦૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેના માટે શિક્ષણ વિભાગ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ગુજકેટની પરીક્ષા માટે સાબરકાંઠામાં એક માત્ર હિંમતનગરને કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે. જે મુજબ હિંમતનગરની જૈનાચાર્ય, મદ્રેસા, હિંમત હાઈસ્કૂલ-૧ સહીત ૧૭ શાળાઓમાં બેઠક વ્યવસ્થા ઉભી કરાઈ છે. જેમાં ૧૬૩ બ્લોકમાં ગુજરાતી માધ્યમના ૨૮૧૧, અંગ્રેજી માધ્યમના ૩૯૪ તથા હિન્દી માધ્યમનો ૧ વિદ્યાર્થી આપશે. પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતી ન થાય તે માટે સીસીટીવી કેમેરાની પણ વ્યવસ્થા કરાઈ છે. તો બીજી તરફ પરીક્ષા ખંડમાં પ્રવેશ લેવા માટે જરૂરી એવી હોલ ટિકીટ કેટલાક વિદ્યાર્થીઓને ન મળી હોવાની બુમ ઉઠતા બોર્ડના અધિકારીઓ દ્વારા આવા બાકી રહેલા વિદ્યાર્થીઓને એસએમએસથી જાણ કરવામાં આવી છે.

## અલ્પેશ ઠાકોર સાથે સતત પડછયાની જેમ રહેતા બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા સાથે રહેશે કે સાથ છોડશે..?

મોડાસા, તા. ૨૫
ગુજરાતમાં ક્ષત્રિય-ઠાકોર સમાજમાં પ્રવર્તી રહેલી દારૂ બદી દૂર કરવા અને સમાજના યુવાનોને શિક્ષિત અને રોજગારલક્ષી બનાવવાના નામે અલ્પેશ ઠાકોરે ક્ષત્રિય-ઠાકોર સેનાનું સંગઠન ઉભું કર્યું હતું. આ સંગઠનમાં અલ્પેશ ઠાકોર સાથે સતત પડછયાની જેમ જોવા મળતા ધવલસિંહ ઝાલાને ઈનામરૂપી વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં અલ્પેશ ઠાકોરે કોંગ્રેસનું નાક દબાવી ધવલસિંહ ઝાલાને બાયડ-માલપુર વિધાનસભા ટિકિટ આપવામાં આવી હતી અને પાટીદાર આંદોલન અને અનેક ફેક્ટર કામ કરતા ધવલસિંહ ઝાલાનો ભાજપના અદેસિંહ સામે ભવ્ય વિજય થયો હતો.

લોકસભા-૨૦૧૯ની ચૂંટણીમાં ઠાકોર સમાજના અગ્રણી અને બનાસકાંઠાના ધારાસભ્ય એવા અલ્પેશ ઠાકોરે કોંગ્રેસ પાર્ટી પર લોકસભાની સીટોનો સોદો કરવાનો આરોપ અને તેમને પાર્ટીમાં માન-સન્માન નહી મળવાની વાતને વેગ આપતા સોશિયલ મીડિયા થકી પાર્ટીમાંથી રાજીનામું આપી દીધુ હતું. ત્યારે તેમની સાથે ધવલસિંહ ઝાલા પણ જોવા મળ્યા હતા અને ધવલસિંહ ઝાલા પણ કોંગ્રેસનો સાથ છોડી શકે છે ની ચર્ચાઓ ચાલી હતી. ગુરુવારે કોંગ્રેસ પાર્ટીએ લાલ આંખ કરતા અલ્પેશ ઠાકોર સામે તેનું ધારાસભ્ય રદ કરવા દંડક અશ્વિન કોટવાલ અને બળદેવસિંહ ઠાકોર સાથે અધ્યક્ષને ધારાસભ્ય રદ કરવા કાર્યવાહી હાથ ધરી હતી. રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરના સાથી ધવલસિંહ ઝાલા બાયડ વિધાનસભાના ધારાસભ્ય છે. ત્યાં જ ભરતસિંહ બેચરાજીના ધારસભ્ય છે તેમને પક્ષમાંથી રાજીનામુ આપ્યું ન હોવાથી તેમની સામે કોઈપણ કાર્યવાહી હાથ ધરી ન હોવાનું જણાવ્યું હતું.



કોંગ્રેસની કાર્યવાહીથી અરવલ્લી જીલ્લાના રાજકારણમાં પણ ભારે ગરમાવો આવી ગયો છે અને બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અલ્પેશ ઠાકોર સાથે રહેશે કે નહિ તે અંગે ચર્ચા જામી છે. આ અંગે ધવલસિંહ ઝાલાનો સતત સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા તેમનો સંપર્ક થઈ શક્યો નથી. મોબાઈલ ફોન ઉપાડવાનું મુનાસીબ માન્યું ન હતું.

બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા બાયડનું ધારાસભ્ય પદનો ત્યાગ કરી મિત્ર ધર્મ નીભાવેશે કે પછી મિત્ર દ્રોહ કરશે તે આગામી સમયમાં જોવું રહ્યું..!

## તલોદ ખાતે વિશ્વ મેલેરિયા દિવસ ઉજવાયો

તલોદ, તા. ૨૫
તલોદ તાલુકાના તમામ પ્રા.આ.કે. પર મુ. જિલ્લા આરોગ્ય અધિકારી સાબરકાંઠાના સીધા માર્ગદર્શન હેઠળ તલોદ તાલુકાના પ્રા.આ. કેન્દ્રો અણીયોડ, આંત્રોલી, ખેરોલ, પુંસરી અને રોઝડ પર મેલેરીયા દિવસની ઉજવણીના ભાગરૂપે રેલીઓનું આયોજન કરવામાં આવેલ છે. આ રેલીમાં પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ખેરોલ પર તાલુકા હેલ્થ ઓફિસર, એમ.ઓ., આયુષ એમ.ઓ. મલ્ટી પરપઝ હેલ્થ વર્કર સુપરવાઈઝર મેઈલ ફિમેલ, મ.પ.વ., ફિ.હે.વ., આશા બહેનો વગેરે જોડાયા હતા. મેલેરીયા ડેન્ગ્યુ, ચિકન ગુનિયા અંગેના સૂત્રોના પ્લે કાર્ડ તેમજ બેનર્સ તેમજ સૂત્રોચ્ચાર સાથે રેલી દ્વારા મેલેરીયા અંગે લોક જાગૃતિ લાવવા પ્રયાસો કર્યા હતા.

ખેરોલ પી.એચ.સી. પર રેલીનું પ્રસ્થાન ડૉ. વિ.જે. મુંગડ, તાલુકા હેલ્થ ઓફિસરે કરાવ્યુ હતુ. તાલુકા હેલ્થ ઓફિસ-તલોદના સભાખંડમાં વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૨૫-૪-૧૯ના રોજ બપોરના ૧૪.૦૦ કલાકે એક સેમીનારનું આયોજન કરાયુ હતુ. સેમીનારમાં મેડીકલ ઓફિસર આયુષ મે.ઓ., તાલુકા હેલ્થ ઓફિસનો સ્ટાફ, ફિ.હે.વ. તેમજ મ.પ.વ., સુપરવાઈઝરો હાજર રહેલ. આ સેમીનારમાં ડૉ. વિ.જે. મુંગડ, તાલુકા હેલ્થ ઓફિસર મેલેરીયા, ચિકન ગુનિયા ડેન્ગ્યુના રોગ વિશે વિસ્તૃત માહિતી આપેલ તેમજ પ્રા. આ.કે.કે.ના મેડીકલ ઓફઈસરોએ મેલેરીયા લક્ષણો, નાબુદ કરવાના ઉપાયો વિશે વિસ્તૃત માહિતી આપેલ. આ સેમીનારનું સંચાલન ટી. આઈ.ઈ.સી.ઓ., ટી.એચ.એસ.એ કર્યુ હતું.

## અરવલ્લી જિલ્લામાં સાધુઓને માર મારવાનો વીડિયો વાઈરલ

મોડાસા, તા. ૨૫
આજકાલ સાધુઓની બોલબાલા છે. એવામાં અરવલ્લી જિલ્લામાં એક એવા વીડિયોએ હંગામો મચાવ્યો છે કે, જેનાથી ફરતા હોવાની અફવાને આ વિડિઓથી સમર્થન મળી રહ્યું છે. અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારનો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહી છે. જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં



લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. અરવલ્લી જિલ્લામાં હાલ વીડિયો વાયરલ થયો છે જેમાં એક વ્યક્તિ ચાર સાધુઓને રસ્સીથી બાંધીને લઈ જઈ રહ્યો છે અને તે તમામને રોડ પર દંડાથી માર મારી રહ્યો છે. વીડિયોમાં કેટલાક લોકો સાધુઓ પર કેટલાક આરોપ લગાવી રહ્યા છે, જેમાં આ સાધુ નકલી હોવાનું પણ વીડિયોના માધ્યમથી જાણવા મળી રહ્યું છે અને તેમના પર અપહરણ કરવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે.

ભગવો ધારણ કરી કેટલાય ધર્મના નામે ગોરખધંધા ચલાવતા હોય છે અને લોકોની આસ્થા સાથે ખિલવાડ કરવાના અનેક કિસ્સા બહાર આવી રહ્યા છે. સાધુના વેશમાં શખ્સો છોકરીઓના અપહરણ માટે ગ્રામ્ય વિસ્તારમાં આવા સાધુઓની ટોળકી ફરતી હોવાની અફવાથી ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર અને સાયબર ક્રાઈમની ટીમ સાધુની ટોળકીને માર મારતા વિડીયો અંગે તપાસ કરશે કે કેમ તેવા પ્રશ્નો લોકોમાં ચર્ચાઈ રહ્યા છે.

વીડિયોમાં દેખાઈ રહેલા દ્રશ્યો હચમચાવી નાખી દેવા છે અને આ વિડીયો અરવલ્લી જિલ્લાનું હોવાનું પણ દાવો કરવામાં આવી રહ્યો છે. જે રીતે સાધુઓને માર મારવામાં આવી રહ્યો છે તેના પરથી લાગી રહ્યું છે કે માર મારનાર વ્યક્તિ પોતે કાયદો હાથમાં લઈને પોતે જ ન્યાય અપાવી રહ્યો હોય. જો કે વાતમાં કેટલું સાત્ય છે તેની સ્પષ્ટતા થઈ શકી નથી. પણ હાલ વિડિયો વાયરલ થયા બાદ લોકોમાં એક ચર્ચાનો વિષય બન્યો છે.

## પ્રાંતિજ શાળા નંબર-૨માં ફરજ બજાવતા શિક્ષિકા નિવૃત થતાં વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ તા.૨૫
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નંબર - ૨ ખાતે ફરજ બજાવતા શિક્ષિકા હર્ષિદાબેનસી.ભાવસાર સરકારી વય મર્યાદા ને લઈને નિવૃત થતા શાળા પરિવાર દ્વારા વિદાય સમારોહ યોજવામાં આવ્યો .

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નંબર-૨ માં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હર્ષિદાબેન સી ભાવસાર તા.૨૪-૪-૨૦૧૯ને ગુરૂવારના રોજ સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદાને કારણે નિવૃત થતાં શાળા પરિવાર દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ શ્રી શ્રીમાણી વાડી ખાતે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું તો તેવો ને ઉપસ્થિત મહેમાનો તથા શાળા પરિવાર દ્વારા શાલ, શ્રીફળ, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે રાજય શિક્ષણ સંઘ મંત્રી ગીરીશભાઈ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ કલ્પેશભાઈ, બીઆરસી જીગ્નેશભાઈ પટેલ, સીઆરસી કૌશિકભાઈ પટેલ, મંડળીના કારોબારી સભ્યો પૂર્વ જુથ મંત્રીઓ, જુથ આચાર્યઓ શાળાના આચાર્ય કિશનસિંહ તથા શાળા સ્ટાફ સહિત શિક્ષકમિત્રો આમંત્રણત્રિક મહેમાનો સંગા સંબંધીઓ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## મોડાસાના હંગામી બસ સ્ટેન્ડમાં ગટર ઉભરાતા નર્કાગર જેવી સ્થિતિ

મોડાસા, તા. ૨૫
અરવલ્લી જીલ્લામાં ૨૦૧૭ની લોકસભાની ચૂંટણી પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોડાસા એસટી ડેપોને આઈકોનિક બસ સ્ટેન્ડની જીલ્લાના પ્રજાજનોને ગિફ્ટ આપી હતી. મોડાસા એસટી ડેપોને હંગામી ધોરણે સહકારી જીનના મેદાનમાં ખસેડવામાં આવ્યું હતું. હંગામી બસ ડેપોમાં પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાની અનેક બૂમો વારંવાર ઉઠી રહી છે ત્યારે છેલ્લા સપ્તાહથી બસસ્ટેન્ડમાં આવેલા શૌચાલયની ગટરના પાણી ઉભરાતા અને ખાબોચિયા ભરાતા અસહ્ય દુર્ગંધથી મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે એસટી ડેપોના અધિકારી આંખ આડે કાન કરતા મુસાફરોમાં ઉગ્ર રોષ પ્રવર્તી રહ્યો છે.



સ્વચ્છતા અભિયાનના મોટા મોટા તાયફાઓ વચ્ચે મોડાસા બસ સ્ટેશનમાં ગંદકીના ઢગથી મુસાફરોને હાલાકીઓ ભોગવવી પડી રહી છે. ગટરના ગંદા પાણીના ખાબોચિયા ભર ઉનાળે ભરાયેલા રહેતા મચ્છરજન્ય રોગચાળો અને પીવાના પાણીની પરબ નજીક પણ ગંદકીથી પાણીજન્ય રોગચાળો ફેલાવવાનો અને મુસાફરો રોગનો ભોગ બને તો નવાઈ નહિ.




મોડાસાના મેઘરજ રોડ પર આવેલા હંગામી બસ સ્ટેન્ડમાં જાહેર સૌચાલય અને બસ પાર્કિંગ નજીક ગટર ઉભરાતા ગટરનું ગંદુ પાણી ફરી વળતા ઠેર ઠેર ગંદકીના ખાબોચિયા ભરેલા જોવા મળી રહ્યા છે. "સ્વચ્છતા ત્યાં જ પ્રભુતાના પગલાના" સુવાક્યો નીચે જ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. મોડાસા બસ સ્ટેશનમાં મોટી સંખ્યામાં મુસાફરો, વિદ્યાર્થીઓ સહિત અનેક લોકો રોજિંદા આવે છે. જો કે છેલ્લા ૭ જેટલા દિવસથી ગટરનું પાણી ઉભરાતા દુર્ગંધથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. બસ સ્ટેશનમાં મુસાફરોના જણાવ્યા અનુસાર, છાસવારે આ પ્રકારની સમયસ્યાઓ બનતી હોવા છતાં પણ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારનું નિરાકરણ કરવામાં નથી આવતું અને માત્રને માત્ર ગંદકીના ઢગલામાંથી જ પસાર થવા મજબૂર બન્યા છે.